# Bachelor of Architecture અભ્યાસક્રમ પ્રવેશ વર્ષ-૨૦૧૮

## ઓનલાઈન પ્રવેશ કાર્યક્રમના રાઉન્ડ-૨ માં મળેલ પ્રવેશ Conform (કાયમ) કરવા તેમજ સંસ્થા ખાતે રીપોર્ટીંગ કરવા અંગે ઉમેદવારોને જરૂરી અને અગત્યની સૂચના

1. જે ઉમેદવારોએ માટે ટ્યૂશન ફી ની રકમ જમાં કરાવવાની છે તેવા ઉમેદવારોએ તા. ૦૪-૦૮-૨૦૧૮ થી તા. ૦૭-૦૮-૨૦૧૮ દરમ્યાન જરૂરી ટોકન ટ્યૂશન ફીની રકમ રોકડમાં કોટક મહિન્દ્રા બેંકની નિર્ધારીત શાખા અથવા ઓનલાઈન જમા કરાવી ત્યારબાદ ઉમેદવારે પોતાનાં Login IDમાંથી **Admission Detail** ઉપર ક્લિક કરી પોતાની "Admission Slip" ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે.
2. જે ઉમેદવારોની Payment Slip માં શૂન્ય ફી (Zero Fee) દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ બેંકમાં જવાની જરૂર નથી. આવા ઉમેદવારોએ પોતાનાં Login ID ની મદદથી ઓનલાઈન જ પ્રવેશ કાયમ કરાવવાનો રહેશે. આવા ઉમેદવારો પોતાના પ્રવેશ કાયમ કરાવવા માટે **Result —> Information Letter** ક્લિક કરી **Accept** બટન દબાવવાનું રહેશે અને "Admission Slip" ની પ્રિન્ટઆઉટ મેળવી લેવી **ફરજીયાત** છે. જે ઉમેદવારો **Decline** બટન દબાવશે તેઓનો પ્રવેશ કાયમ થશે નહીં.
3. બેઠક ફાળવાયેલ ઉમેદવાર તા. ૦૭-૦૮-૨૦૧૮ સુધીમાં જરૂરી ટોકન ટ્યૂશન ફી નિર્ધારીત શાખામાં અથવા ઓનલાઈન જમા નહીં કરાવે તો તેઓને ફાળવાયેલ પ્રવેશ નિયમોનુસાર આપોઆપ રદ થશે.
4. જે ઉમેદવારોને પ્રવેશ સમિતિ દ્વારા મળેલ પ્રવેશ કાયમ કરાવેલ છે તેવા ઉમેદવારોએ **પ્રવેશ મળેલ સંસ્થા ખાતે** એનરોલમેન્ટ માટે "Admission Slip", બેન્ક ચલણ તથા પ્રમાણપત્રોની નકલ સાથે **તા. ૦૯-૦૮-૨૦૧૮ સુધીમાં રીપોર્ટીંગ કરાવવાનું રહેશે. સંસ્થા ખાતે ઉમેદવારે અસલ પ્રમાણપત્રો જમાં કરવાની જરૂરીયાત નથી અને જો જમાં કરાવશે તો ઉમેદવારની પોતાની સંપૂર્ણ જવાબદારી રહેશે.**
5. પ્રથમ વર્ષ બેચલર ઓફ આર્કિટેક્ચર અભ્યાસક્રમોની પ્રથમ સત્રની શરૂઆત **તા. ૩૦-૦૭-૨૦૧૮ સોમવાર**ના રોજ થઈ ગયેલ હોઈ, તમામ ઉમેદવારોએ સંસ્થા ખાતે શૈક્ષણિક કાર્યમાં જોડાઈ જવાની સલાહ આપવામાં આવે છે.
6. જે ઉમેદવારોને પ્રવેશ સમિતિ દ્વારા ઓનલાઈન મળેલ પ્રવેશ રદ કરાવવો હોય તેવા ઉમેદવારોએ તા. ૦૪-૦૮-૨૦૧૮ થી તા. ૦૮-૦૮-૨૦૧૮ સુધીમાં ઓનલાઈન પ્રવેશ રદ કરાવી શકશે અને તેઓને નિમયોનુસાર ફી રીફંડ મળવા પાત્ર રહેશે.

**તા. ૦૪-૦૮-૨૦૧૮**

**— મેમ્બર સેક્રેટરી**